**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા.૧૫/૧૧/૨૦૧૫ રવિવાર**

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી અને જુગાર ધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૩૧૫/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૬૧ કેસ કરી અને ૫૩ વ્યક્તિઓને ઝડપી, ૪૬૦ લીટર દેશી દારૂ, ૧૪ બિયર ટીન અને ૧ મોટર સાયકલ કબજે કર્યુ હતુ. તેમજ જુગાર ધારા હેઠળ ૧ કેસ કરી ૪ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૭૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૨૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**બળાત્કારની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૧૭/૧૫**

**બાપુનગરઃ** તા.૧૩/૧૧/૧૫ સાંજના ૬/30 વાગ્યાના સુમારે બાપુનગર વિસ્તારમાં રહેતી ૧૪ વર્ષની તરૂણીને ગાયત્રીબહેન ધુસાભાઈ પટેલ (આમ્રપાલી ફ્લેટ બાપુનગર) લલચાવી ફોસલાવી એક્ટીવા પાછળ બેસાડી લઈ જઈ આરોપી હિતેશ મારવાડી (રહે. મુરલીધર આઈસ્ક્રીમના ખાચાંમા બાપુનગર) ને સોપી દીધી હતી. ત્યારબાદ હિતેશ મારવાડી મોટર સાયકલ પાછળ તરૂણીને બેસાડી મીત્રના ઘરે લઈ જઈ તા.૧૪/૧૧/૧૫ રાતના સમયે તરૂણીની મરજી વિરૂધ્ધ શરીર સંબંધ બાંધ્યો હતો. આ અંગેની ફરીયાદ તરૂણીના પિતાએ બાપુનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી આર એમ ગામીત ચલાવે છે.

**દુષ્પ્રેરણની ફરીયાદ :-** **સમાચાર યાદી નં.૨૩૧૮/૧૫**

**કૃષ્ણનગરઃ** રવિન્દ્ર ભવરસિંગ પવાર (રહે.જગજીવનનગર જમના રોડ ભીંડ તાલુકો ભીંડ મધ્યપ્રદેશ) એ તા.૧૪/૧૧/૧૫ નારોજ કૃષ્ણનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે પોતાની પુત્રી સચીનાબહેને તેના પતિ ઓમનારાયણ રાજવીરસિંહ રાજપુત અને તેના સાસુ-સસરા (તમામ રહે.હરીધામ સોસાયટી કૃષ્ણનગર) ના શારીરીક તેમજ માનસીક ત્રાસના લીધે તા.૧૨/૧૧/૧૫ નારોજ સાસરીમાં છતની હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી સી આર સંગાડા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**છેતરપીંડીની ફરીયાદઃ-** **સમાચાર યાદી નં.૨૩૧૯/૧૫**

**ક્રાઇમ બ્રાન્ચઃ** અતહ્ર અબ્દેરહેમાન મીર (ઉ.વ.૪૦) (રહે.યુનિટ હીલ્સ યુનિયન પાર્કની પાસે, જુહાપુરા સરખેજ રોડ) એ તા.૧૪/૧૧/૧૫ નારોજ ક્રાઈમ બ્રાન્ચ ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૬/૧૧/૧૫ કલાક ૧૧/૦૦ થી આજદીન સુધીના સમયગાળા દરમ્યાન આરોપી ઇમેઇલ આઇડી nick.barefoof@uk-sophos.comતથા મો.નં.+૪૪૭૫૦૯૭૫૯૨૪૫ ના ઉપયોગ કરનાર ધારકે ઇન્ટરનેટ માધ્યમનો ઉપયોગ કરી અતહ્ર મીર ની યુ.કે. ખાતે રહેલ કંપનીમાં ડુમેન જેવુ જ મળતા ઇ-મેઇલ આઇડી બનાવી અતહ્ર મીર ને યુકેની કંપની બોલુ છુ તેવો ફોન કરી કંપનીના કર્મચારી હોવાનો ભરોસો આપી કંપનીના કર્મચારીના નામનો ઉપયોગ કરી અન્ય કોઇ કાર્ડ હોલ્ડરના ક્રેડીટ કાર્ડ નંબર આપી અન્યોના નામે વિદેશની કુલ્લે ૩૭ ટિકીટો રૂપિયા ૩૦૬૬૨૪૬/- ની બુકીંગ કરાવી તે ટિકીટો મેળવી છેતરપિંડી કરેલ અને અતહ્ર મીર ને આ બાબતે જાણ થતા તે પૈકી ૨૧ ટિકીટો રદ કરાવેલ બાકીની ૧૬ ટિકીટો રૂપિયા ૧૧૮૨૩૪૧/- ની મુસાફરી થઇ ગયેલ જેથી અતહ્ર મીર સાથે ઇમેઇલ આઇડી તથા મોબાઇલ નંબરના ધારકે અતહ્ર મીરની કંપની સાથે આશરે ૧૧૮૨૩૪૧/- ની છેતરપિંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી કે આઈ મોદી ચલાવે છે.

**સેટેલાઇટ :** પૃથ્વી ગોપાલભાઈ દેસાઈ (ઉ.વ.૨૪) (રહે.શ્યામલ રો હાઉસ વિભાગ-૧ શ્યામલ ચાર રસ્તા પાસે સેટેલાઇટ) એ તા.૧૪/૧૧/૧૫ નારોજ સેટેલાઈટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૯/૧૧/૧૫ સવારના ૧૧/૦૦ થી તા.૧૦/૧૧/૧૫ સવારના ૧૦/૨૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ધ-૫ પેરેગ્રાફ કંપનીમાં નોકરી કરતા આરોપી પ્રિયાન્સ જીગર એ મોબાઈલ નંબર ૯૫૫૮૮૪૭૪૬૪ થી પૃથ્વી દેસાઈના મોબાઈલ ઉપર ફોન કરી ટાટા સ્ટાર બસની કોફીચોપની ફ્રેન્ચાઈજી આપવાની લાલચ આપી રૂપિયા ૫,૦૦,૦૦૦/- ડીપોઝીટ પેટે એસ જી હાઈવે એક્સીસ બેન્કમાં જમા કરાવડાવી પૃથ્વી દેસાઈ સાથે છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી જે કે વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૨૩૨૦/૧૫**

**વાડજ :** શવલાબહેન પ્રવિણભાઈ રાઠોડ (ઉ.વ.૧૮) (રહે.સીન્ધી હાઈસ્કૂલ તલાવડીના છાપરાં ઉસ્માનપુરા, જુનાવાડજ) એ કોઈ કારણસર તા.૩૧/૧૦/૧૫ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે પોતાની જાતે પોતાના શરીર ઉપર કેરોસીન છાંટી સળગી ગયા હતા. સારવાર માટે વા.સા.હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં તા.૧૪/૧૧/૧૫ કલાક ૧૦/૪૫ વાગે તેમનુ મૃત્યુ નિપજયું હતુ. આ અંગે વાડજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી કે એચ ખરસાણ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)